Extra No. 369

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, OCTOBER 14, 2025 / ASVINA 22, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) S.D.E., BSNL, Rajpipla નો તા.૦૯/૧૦/૨૦૨૫.નો પત્ર

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૨૧૧૭ થી ૧૨૧૫૨ /૨૦૨૫.-રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી માટેનો રાષ્ટ્રકક્ષાનો સમારંભ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા ખાતે યોજાનાર છે. જે અન્વયે માન. વડાપ્રધાનશ્રી એકતાનગરની મુલાકાતે પધારનાર છે. સદરહુ કાર્યક્રમ દરમ્યાન બી.એસ.એન.એલ. દ્વારા પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે S.D.E., BSNL, Rajpipla દ્વારા વંચાણ-(૧)ના પત્રથી સંબંધિતોને જરૂરી સૂચનાઓ બહાર પાડવા વિનંતી કરવામાં આવેલ છે. જેથી એકતાનગર ખાતે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી માટેના રાષ્ટ્રકક્ષાના સમારંભ દરમ્યાન બી.એસ.એન.એલ. દ્વારા પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે ખોદકામ(Digging) કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ આગામી તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ એકતાનગર ખાતે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી માટેના રાષ્ટ્રકક્ષાના સમારંભ તથા તેને લગત અન્ય કાર્યક્રમો દરમ્યાન બી.એસ.એન.એલ.ના ઓપ્ટિકલ ફાઈબર કેબલની વડોદરા-ડભોઈ-તિલકવાડા-એકતાનગર તથા બરોડા-ભરૂચ-રાજપીપળા-એકતાનગર લાઈનોથી પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે તા.૨૧/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી ઉપરોક્ત કેબલ લાઈનના અત્રેના જિલ્લામાં આવતા રૂટ પર ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી તા.૨૧/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૧૩-૧૦-૨૦૨૫.

સી.કે.ઉંધાડ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.06 18:07:43 IST